# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૧૬ ● સળંગ અંક : ૬૭ ● તા. ૨૧ સપ્ટેમ્બર થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## ચતુર્થ જ્ઞાતિ સંમેલનની ફળશ્રુતિથી સંજીવની સ્કીમનાં બહુમૂલ્ય લાભથી તાત્કાલિક જીવનદાન મળ્યું





## સમસ્ત મહાજનની યુવા કમિટી દ્વારા બીચ ક્લીનીંગ ડ્રાઈવ થઈ



માન હોય ત્યાંજ પગ મૂકજો સાહેબ,
બાકી અભિમાન તો અહીંયા દરેકને છે.
હારવું પડે તો એ રીતે હારજો કે
જીતનારને જીવન ભર અફસોસ રહી જાય



નીશિથ આનંદ દંડ


Sure Safety ®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પરિવારનો પાયો પિતા

નાનપણમાં સ્કૂલોમાં વિવિધ વિષયો ઉપર નિબંધ લખવાનો લેસન અપાય છે. જેથી આપણી વિચાર શક્તિ ખીલે, ભાષા વૈવિધ્ય થાય અને મનની લાગણીઓ પાનાઓ પર ઉતરાય. આપનારા વિષયોમાં 'મારો દેશ', મારી માતા, મારો પરિવાર, મારી ઈચ્છા, મારું સપનુંએ જ હોય. પણ ક્યારેય મારા પિતા વિષે ક્યારે નિબંધ અપાતો નથી. બહુ બધા લેખો, પુસ્તકો માતા વિષે લખાયા છે પણ પિતા વિષયના પુસ્તકો શા માટે નથી?

માતાની મમતા, માતાનો વ્હાલ અને માતાનો ત્યાગ અનન્ય છે. તેને પરમેશ્વરના બરોબરની ઉપમા અપાઈ છે અને એ તેને લાયક છે. માતાનો પ્યાર બોલકો છે. જ્યારે પિતાનો પ્રેમ મૌન છે, અવ્યક્ત છે. બાળક સમજણું થાય તે ઉંમર સુધી પિતાને રૂબરૂ ઓછું મળે છે. કારણકે બાળક સૂતું ત્યારે પપ્પા કામે નીકળી જાય અને સંતાન રાતે સૂઈ જાય તે બાદ પપ્પા ઘરે પહોંચે. આંખ ખૂલે ને મમ્મી દેખાય, બાળક સૂએ ત્યારે મમ્મી હાજર હોય. આમ ચોવીસ કલાક મમ્મીના સાંનિધ્યમાં સંતાન ઉછેરે છે. એટલે તેની નજદિક હોય એ સહજ છે.

પપ્પા આપણા માટે એવું પાત્ર છે જેની નોંધ ના લેવાઈ હોય કે તેની મહાનતાની સિદ્ધિની કદર ન થઈ હોય. જાણે 'અનસંગ હીરો', એવું કહેવાય છે. કે સ્ત્રીને પુરૂષને ઘરે સંતાનના જન્મની સાથે જ માતા, પિતાનો પણ જન્મ થાય છે. બે વેંતના નવજાત સંતાનને હાથમાં ઉમંગથી તેડનાર પુરૂષ પિતા થાય છે. અને ત્યારથી જ તેનામાં પરિપકવતા આવી તેનો ત્યાગનો તપ શરૂ થાય છે. જે સંતાનની સફળ કારકીર્દિ સુધી પહોંચીને પૂર્ણ થાય છે.

વહેલી સવારે ઘર છોડી રાત્રે મોડેથી ઘરે પાછો ફરતો પિતા ઠંડુ ટિફિન જમે છે. સંતાનનું ભવિષ્ય ઉજ્જવળ થાય એ માટે પોતાનો વર્તમાન અથાક શ્રમથી કાળું કરે છે. સામાન્ય કપડા પોતે પહેરી સંતાનો અપટૂડેટ રહે એની ફિકર કરે છે. જીન્સ ટી શર્ટ અને પર્ફ્યુમ છાંટી એપલનો આઈપોડ હાથમાં લઈ ફરતો બાળક જે સુંગધ પ્રસરાવે છે. તે હકીકતમાં પિતાના પરસેવાની હોય છે. સંતાનોના શોખ પૂરવા પોતાના શોખનો ભોગ આપે છે. એ આપણા પિતા છે. જોઈતી વસ્તુ માટે માંગણી મમ્મી પાસે ભલે કરીએ પણ એ વસ્તુ મમ્મીને લાવી આપનાર પપ્પા હોય છે.

મમ્મી પોતાનો પ્રેમ છૂટથી વરસાવી શકે છે. એવી રીતે પોતાના આંસુ પણ મોકળા પણે વહેડાવી શકે છે. જ્યારે પપ્પાનો પ્રેમ અંતરથી અવ્યક્ત હોય છે. તેવી રીતે તેમના આંસુ પણ બહાર દેખાતાં નથી. દર્દ, વેદના અને પીડા અંદર અંદર રાખે છે. બહાર બતાવતા નથી. પપ્પા સંતાનોની બધી માંગણી મૂંગે મોઢે પૂરી કરી દે છે.

મમ્મી બાળકને ચાલતા શીખવે છે. જ્યારે પપ્પા તેને દોડતાં કરે છે. માતા તેને જ્ઞાન આપે છે. તો પિતા તેને વિજ્ઞાનથી પરિચય કરાવે છે. માતા વાર્તા કહી તેનું મન બહેલાવે છે. જ્યારે પિતા વ્યવહારની વાસ્તવિકતાથી રૂબરૂ કરાવે છે.

કારાવાસમાં સાત બાળકોને જન્મ આપી તેને ગુમાવી દેનાર દેવકી અઠમા સંતાન રૂપે કૃષ્ણને જન્મ આપે છે. તેને ધોધમાર વરસાદમાં અંધારી રાતે તોફાની પૂરમાં મસ્ત યમુના નદીમાં પિતા જ શિર પર ટોપલીમાં નાનકડા કૃષ્ણને લઈને નંદ અને યશોદાને સુરક્ષિત સોંપનાર બાળકના જનક એવા વાસુદેવ કેમ ભૂલી શકાય?

– જય જ્ઞાતિમૈયા

# ચતુર્થ જ્ઞાતિ સંમેલનની ફળશ્રૃતિથી સંજીવની સ્કીમનાં બહુમૂલ્ય લાભથી તાત્કાલિક જીવનદાન મળ્યું



સમસ્ત મહાજનના નલિયા મધે થયેલ ચર્તુથ સંમેલનની ફળશ્રુતિરૂપે થયેલ ઠરાવના અમલીકરણથી થયેલ સંજીવની સ્કીમનો અમૂલ્ય સાથ સહકાર મળયો જેની લીધે સ્વસ્થ્તા ભર્યું નવજીવન મળ્યું. ૭૦ ટકા જેટલો સુધારો થયો છે. એવું સંજીવની સ્કીમના લાભાર્થી લલિત ખોના સુથરી પેંડાવાળાનું કહેવું છે. તેઓ દેવ દર્શન ધર્મ આરાધના સાથે મ.સા.ના આશીર્વાદ લઈ પોતાનું પૂર્વવત જીવન તરફ આગળ વધી રહ્યાં છે. પોતાના શરીર માટે સમસ્ત મહાજનની સંજીવની સ્કીમ સંજીવની જેવી જડબુટી થઈ નવજીવન આપ્યું છે. એવું તેમનું કહેવું છે. આજ તો સ્કીમની સફળતા છે. જેનો લાભ જ્ઞાતિજનોને મળ્યો છે અને મળતો રહેશે.



સંજીવની સ્કીમના લાભાર્થીના પરિવારજનનો અક્ષરશ પત્ર મળેલ છે જે નીચે મૂકેલ છે.

**તા.૨૦-૯-૨૦૧૯**

**શ્રીમાન સાહેબશ્રી નીશિથભાઈ દંડ**

**સેક્રેટરી જનરલ શ્રી સમસ્ત મહાજન**

આપ સાહેબને પ્રમાણ સાથે જયજિનેન્દ્ર. હું જ્યુપિટલ હૉસ્પિટલમાં લાંબા સમય સારવાર લેનાર-પેશન્ટ લલિતભાઈ શાહ (ડાગા)નો કાકા અનિલભાઈ લક્ષ્મીચંદ ડાગા-મુળ ગામ સુથરી હાલે-વર્ધમાન નગર-ભુજોડી. આજે અમારા ભત્રીજા લલિતભાઈ એકદમ સ્વસ્થ છે. અને અમારા ગામ સુથરી-દાદાની સેવાપૂજા કરી એમની માનતા પુરી કરી જેનો ખરેખર સંપૂર્ણ યશ સમસ્ત મહાજનના તમામ પદાધિકારીઓને ફાળે જાય છે. આપ બધાએ ખૂબ જ મહેનત કરી જેનો પરિણામ આજે આપણી સમક્ષ છે. હું વધારેમાં વધારે યશ અમારા બહેનથી એ વિશેષ એવા શ્રી મનિષાબેન જેના થકી આપ સર્વેનો પરિચય થયો અને એ બહેનના બોલે એવા હતા કે અનિલભાઈ તમે ચિંતા ના કરો હું છેલ્લે સુધી તમારો સાથ નહિ છોડું અને જે મહેનત મનિષાબેન કરી છે. ડૉ. સાહેબોઓ સંપૂર્ણ સ્ટાફ તથા આ બહેનશ્રી ઘણીવાર વધારે તકલીફ થતાં રાતના ટાઈમ જોયા વગર એમને અમો ફોન કરતા ત્યારે એજ મનિષાબેનનો એકજ રીંગમાં જવાબ મળતો તમે તરતજ હૉસ્પિટલ આવી જાવ હું ડૉક્ટરને ભલામણ કરૂ છું. ખરેખર નિશીથભાઈ તમારા વિચાર ખૂબ જ ઊંચા છે. કે આપણે સમાજને કઈ રીતે ઉપયોગી થઈએ સતત એના ઉપર આપશ્રી મનન કરો છો એ આપણા સમાજ માટે ખૂબ જ સુંદર વાત છે. જેમાં પણ તમારી ટીમમાં આવા મનિષાબેન જેવા સામેલ છે. જે સોનામાં સુગંધ બરોબર છે. આપ સર્વે સમાજ ઉપયોગ સુંદર કામ કરો ખૂબ જ આગળ વધો એવા મારા અંતરના આશિષ છે. કચ્છમાં મારા લાયક કાંઈ પણ કામ હોય તો જરૂરથી જણાવશો લખવામાં કાંઈ ભુલચુક હોય તો ક્ષમા કરશો.

**ધન્યવાદ**

**અનિલ લક્ષ્મીચંદ ડાગાના જયજિનેન્દ્ર**

# સમસ્ત મહાજનની યુવા કમિટી દ્વારા બીચ કલીનીંગ ડ્રાઈવ થઈ





સ્વચ્છ પરિસર સ્વચ્છ ભારતના સૂત્રને ચરિતાર્થ કરતા સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની યુવા કમિટી દ્વારા તા. ૧૫ સપ્ટેબર રવિવારનાં સવારે ૮ કલાકથી ગિરગાંવ ચોપાટી સ્થળે બીચ કલીનીંગ ડ્રાઈવ ચલાવાઈ. ગણેશ વિર્સજન પછી સમુહ તટે જમા થયેલ ગંદકીને જહેમત પૂર્વક સાફ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશો સૌને આપ્યો હતો. જ્ઞાતિ સમાજનાં યુવાનો અને યુવતીઓ સ્વચ્છતા પ્રત્યે સતત જાગૃત છે એવો મેસેજ આપ્યો હતો. તહેવારો ઈકોફ્રેન્ડલી રીતે ઉજવવા જોઈએ જેથી પર્યાવરણને કોઈ હાનિ ન પહોંચે એવી અપીલ આ અવસરે સૌને કરાઈ હતી.










# ખામગામ સંઘમાં નવકાર મહામંત્ર પૂજન અને રંગોળી દર્શનનું આયોજન થયું





ખામગામ નગરમાં પ.પૂ.સાધ્વી ભગવંત સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની પાવન કારી નિશ્રામાં નવકાર મહામંત્રના ૬૮ તીર્થયાત્રા પૂજન સહદર્શન ૬૮ પરિવારોએ લાભ લીધેલ. નવકાર મહામંત્રનું પ્રભાવ દર્શાવતી અમર કુમારની લાઈવ રંગોળી પ્રદર્શન અને એકાસણાના લાભાર્થી સૌ પુષ્પાબેન રસિકલાલ શાહ પરિવાર ખામગામ વાળાએ લીધેલ. ધર્મ અને ભક્તિના આયોજનથી સંઘમાં અનેરો માહોલ જામ્યો હતો.











# ગોરેગાવ નગરમાં જૈન સંઘો દ્વારા સંયુક્ત રથયાત્રા નીકળી




તા. ૧૫ સપ્ટેમ્બર રવિવારના મુશળધાર વરસાદના માહોલમાં ગોરેગામના ૧૦ જેટલા વિવિધ જૈન સંઘની પ્રભુજીની સંયુક્ત રથયાત્રા હતી. જેનાં આયોજનમાં શ્રી ગોરેગાંવ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પણ જોડાયું હતું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા.






# પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ દ્વારા પર્યુષણ પર્વની ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી થઈ

કચ્છ અબડાસાના પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી તથા શ્રી શીતલનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસથી ઉજવાયો મુંબઈ તથા દેશાવરથી સારી સંખ્યામાં પરજાઉ વાસીઓ પધાર્યા હતા. કલ્પસુત્ર (પોથી) માતુશ્રી જયવંતીબાઈ લાલજી દંડ હસ્તે કેતનભાઈ તથા કિરણભાઈના ઘરે પધરાવેલ તથા પારણું માતુશ્રી મીઠીબાઈ ડુંગરશી નાગડા હસ્તે વિજય ડુંગરશીના ઘરે પધરાવેલ. સ્વપ્નાંનું કુલ ઘૃતમણ ૨૧૮૦૦ તથા કુલ ઘૃતમણ ૨૩૦૦૦ થયેલ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠથી બે બહેનો હેમલતાબેન મુલચંદભાઈ દેઢિયા (હમલા મંજલ-મીરા રોડ) તથા હિરાવંતીબેન પ્રેમજીભાઈ દેઢિયા (મોથાણા-અલિબાગ)થી પધારેલ જેઓએ ખુબજ સરસ આરાધના કરાવેલ ખુબ ખુબ અનુમોદના તથા શ્રીઆર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના શ્રી રામજીભાઈનો શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ વતીથી ખુબ ખુબ આભાર.

# વસઈ સંઘમાં આધ્યાત્મ યોગી ગુરૂદેવનાં ૫૫મા જન્મોત્સવ નિમિતે ભાંડુપના ગુરૂભક્તોએ નઝરાણું આપ્યું





રવિવાર તા. ૧૫ સપ્ટેમ્બરના દિને વસઈ અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ અર્થે વિરાજીત આધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.નો ૫૫માં જન્મોત્સવ ભવ્યતાથી યોજાયો જેનો ભાગ રૂપે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપના ગુરૂભક્તોએ આ નિમિત્તે એક સરસ ભાવપૂર્વક નઝરાણું ગ્રીટિંગ કાર્ડ રૂપે મહારાજ સાહેબના ચરણોમાં કુમારભાઈ દંડ, મનોજભાઈ લોડાયા એ અર્પણ કરેલ. શ્રી વસઈ સંઘ દ્વારા પધારેલ મહેમાનોનું ભાવપૂર્વક બહુમાન કરવામાં આવેલ.

# ખિરકીયા સંઘમાં પર્યુષણ પર્વની ધર્મઆરાધનાઓ થઈ

ખિરકીયા સંઘ સ્થાનકવાસી સમુદાયના ઉમેશમુનિજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ પૂ. દિલીપમુનિજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૩ નો ચાતુર્માસ ધામધૂમથી ચાલી રહયો છે. ચાતુર્માસ દરમિયાન ઘણી તપસ્યાઓ ચાલી રહી છે. જેમાં હાલમાં ૨ માસક્ષમણ, ૧૨ અઠાઈ થઈ અને નાના મોટા તપ ચાલી રહ્યા છે. રોજ પ્રવચનમાં કાંઈ વિશેષ અને વિવિધ કાર્યક્રમોનું આયોજન હોય છે.

પર્યુષણ પર્વ પણ સુંદર આરાધના સાથે સહર્ષ ઉજવાઈ. પર્વની આરાધનામય ઉજમણી શ્રી આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ તરફથી આવેલ આરાધક બહેનો શ્રીમતિ કુસુમબેન ખીમજી શાહ (વિઢ-અંબરનાથ) તથા ઉર્મિલાબેન પાસુભાઈ લાલકા (મોટી ખાવડી-મુલુંડ)ની નિશ્રામાં રૂઢી રીતે આનંદમાં કરવામાં આવી.

શ્રી કલ્પસૂત્ર પધારવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા પરિવારે લીધો તથા પ્રભુજીનો પારણો શ્રી મહાવીર મહિલા મંડળ એ લીધો.

સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન, પ્રતિક્રમણ, સંધ્યા ભક્તિ વગેરે બધાં કાર્યક્રમોમાં સર્વે ઉલ્લાસથી ભાગ લીધો. શત્રુંજય ગિરિરાજની ભાવ યાત્રા તેમજ પૂરા ગિરિરાજ ની મહત્તા બહેનોએ ખૂબ જ સુંદર રીતે સમજાવી.

છઠના દિવસે દ્વાર ઉદઘાટનનો લાભ વેરશી વેલજી નાગડા પરિવારે લીધો. શ્રી સંઘે વાજતે ગાજતે તેમનાં ઘરે પગલાં કર્યા.

દર રોજ પ્રભુજીની સુંદર અંગરચના, જિનાલયની સુંદર સજાવટ, રંગોળી, તેમજ દીપકની રોશનીમાં પ્રભુજીની રાજશાહી વેશભૂષા બધાંનાં મન મોહી લીધાં. શ્રી સંઘ તરફથી છઠનાં દિવસે સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

ચૈત્યપરિપાટી માટે ભાંડકજી, ઉવસંગ્ગહરમં, દુર્ગ આદિ તીર્થો તથા પ.પૂ.સાધ્વીજી ભગવંત જયદર્શિતાશ્રીજી મહારાજ સાહેબને વંદન કરવા માટે સંઘ રાયપુર ખાતે પ્રયાણ કરેલ.

# કોઠારામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની શાનદાર ઉજવણી કરાઈ





અબડાસા તાલુકાનાં મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પ.પૂ.સાધ્વી શ્રી કિરણકલાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં પર્યુષણ મહાપર્વની ધાર્મિક-આરાધનાઓ સાથે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

કલ્પસુત્ર ધૃત ૫૦૪માં માતુશ્રી ખેતબાઈ ચાંપશીંએ જ્યારે પ્રભુજીનું પારણું ધૃત ૩૫૩૫માં માતુશ્રી જમકુબાઈ મેઘજી દેવશીં દંડ પરિવારોએ પધરાવેલ. સ્વપનાનું કુલ ધૃત ૯૬૭૪૬ જ્યારે પર્વ દમ્યાન કુલ્લ ધૃત ૧,૫૨૬૯૮ થયેલ. કોઠારા જૈન સંઘ દ્વારા આઠે દિવસ બે ટાઈમ સ્વામિવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ. ત્રીજનાં દિવસે પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવતા ભાઈ-બહેનોનું શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલ. નલીનભાઈ અજાણી, મધુકાંત શાહ, હેમંતભાઈ અજાણીએ પર્યુષણ પર્વે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચોથના સાંજે તપસ્વીઓનું બહુમાન કાર્યક્રમ કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા યોજાયો હતો. આઠ ઉપવાસ તપસ્વીઓ જીનય વર્ધમાન લોડાયા, ભવ્ય પારસ લક્ષ્મીચંદ વીકમશીંનું કોઠારા જૈન સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ. અઠ્ઠમ અને વર્ષિતપારાધકોનાં તપની પણ અનુમોદના કરવામાં આવેલ. તપસ્વીઓના તપની અનુમોદના અર્થે સકલશ્રી સંઘને માતુશ્રી સોનબાઈ હીરજી નરશીં લોડાયાનાં ઘરે પગલા કરવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈ મહાજન અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ મોતા, પ્રવીણભાઈ લોડાયા તથા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. ધનપતિ લોડાયા તથા વર્ધમાન લોડાયાએ સકલશ્રી સંઘને મીઠડો આવકાર આપેલ.




પાંચમનાં બારસો સુત્ર વાંચન બાદ ચૈત્યપરિપાટી યોજાઈ હતી. તેમજ મહાજનશ્રી હસ્તકની સંસ્થાઓ દેરાસર, ભોજનશાળા, અતિથિગૃહ, પાંજરાપોળનાં કર્મચારીઓનું બહુમાન કરવામાં આવેલ. છઠ્ઠનાં દિવસે પ્રભુજીનાં દ્વાર ઉદ્‌ઘાટન બાદ શ્રી કોઠારા જૈન મિત્ર મંડળનાં સર્વે કાર્યકરોએ વાજતે-ગાજતે સમાજનાં દરેક-ઘરે જઈ મિચ્છા મિ દુક્કડમ્ કર્યા હતા.

સમૂહક્ષમાપના કાર્યક્રમમાં દીનેશભાઈ અજાણી, રાયચંદ લોડાયા, કુ. તોરલબેન પ્રાસંગિક ઉદ્‌બોધન કરી ક્ષમાપનાનો અર્થ સમજાવ્યો હતો. કાર્યક્રમોનું સંચાલન શ્રી પ્રમોદ મુનવરે કર્યું હતું.

રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વીરચંદ ધરમશીં, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, દેવેન્દ્ર જીવાણી, કીરીટ અજાણી, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, મયૂર નાગડા, પ્રદિપ મુનવર, હીરાચંદ મૈશેરી, દિલીપ લોડાયા, રમણીક શાહનંદ તથા વિશાળ સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા હતા. પ્રભાતિયા અને પખાવાજમાં હીરલાલ જીવાણી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, કાંતીલાલ લાલકાએ રમઝટ મચાવી હતી.

# સમસ્ત મહાજનની કેડીઓ ગ્લોબલ કાર્ડનો વિસ્તાર વ્યાપ

## Manual for the KDO GLOBAL CARD

KDO Global card is the center point of all activities of Samast Mahajan, **all benefits andfacilities will be made available only tothe valid KDO GLOBAL member card holder.sss**

It is also the unique identity of oneself in the KDO community.

**Types of KDO Global Cards:**

1) Platinum Rs. 5,00,000/ with 6 addon cards for next generation, total 7 cards.
2) GoldRs. 3,00,000/ with 4 addon cards for life time,total 5 cards.
3) Silver Rs. 1,00,000/ with 1 addon card for life time, total 2 cards.
4) Bronze Rs. 10,000/ to be renewed every year on expiry.
5) Blue Rs. 200/ to be renewed every year on expiry.

**How to apply for the KDO GLOBAL CARD**:

Visit the Samsat Mahajan website www.kdosm.org and get yourself registered with all the mandatory details required for self-registration such as:

Full name:

Vastipatrak No:

Native Place;

Present Address:

Mobile Number:

Blood Group:Plus, all the mandatory information required for self-registration as per the registration format of the Samast Mahajan.
Once you have applied for self-registration the admin will verify your details, as per the data available on the master data of the community, and if all the fields filled in, are proper you will get and OTP, which you will have to share with the admin, and there after the admin will approve ,your registration with a confirmation message on your registered mobile number and confirm your registration.

Once your registration is approved, you are ready to apply for the KDO GLOBAL CARD with the following mandatory information as per the Card application form available on the website.

Name in full:

Type of Card applied for:

Complete Postal Address:

Date of Birth:

Vastipatrak No;

Native Place:

# સમસ્ત મહાજનની કેડીઓ ગ્લોબલ કાર્ડનો વિસ્તાર વ્યાપ

Self-contact No:

Emergency Contact No:

Education:

Occupation:

TotalAnnual Family Income:

E Mail Id:

Blood Group:

Gender:

Local Mahajan Name;

Mode of Payment:

Self-certified Proof of Identity: a) Pan Card

b) Aadhar Card

c) Driving License

d) Passport.

Copy of any one of the above.

**Please note all the above fields are mandatory for successful application and creation of KDO GLOBAL CARD.**

Once you apply with all the above details, your application will be processed, and if every details filled in by you in the application form, is correct asper the master data of the community, you will receive a SMS on your registered Mobile Number, after sharing the SMS received, with the admin your application will be approved and you will be asked to make the payment,as per the mode of payment selected by you in the card application form, once the payment amount paid by you, is credited in the SM account, your card applied for is ready, you will be mailed a soft copy of the card applied for on your registered mail id and hard copy of the card applied for, will be either couriered or sent by Registered A D post to your registered address as per the Master Data of the community or as per the address mentioned in the Card application form.

Enjoy the facilities and benefits provided by SM, to the card holder and make full use of all the facilities and benefits, in the best way you can.

Wishing you all the very best for the use of KDO GLOBAL CARD

| KDO Global Card | | | |
|---|---|---|---|
| Sr. no. | Quantity (Cards) | Name | Place |
| 1 | 100 | Shri Mahendra Dosabhai Khimji momaya | Baroi - Nashik |
| 2 | 25 | Shri Jasapar KDO Jain Gnati Mahajan | Jashapar |
| 3 | 175 | Shri Gadag KDO Jain Gnati Mahajan | Gadag |
| 4 | 250 | Shri ketan Kulinkant Nagda | Nanded |
| 5 | 75 | Shri Karanja KDO Jain Gnati Mahajan | Karanja |
| 6 | 600 | Shri Vadodara KDO Jain Gnati Mahajan | Vadodara |
| 7 | 250 | Shri Prashant Padamshi Lalka | Pune |
| 8 | 250 | Shri Raipur KDO Jain Gnati Mahajan | Raipur |
| 9 | 35 | Shri Chopda KDO Jain Gnati Mahajan | Chopda |
| 10 | 60 | Shri Pachora KDO Jain Gnati Mahajan | Pachora |
| 11 | 48 | Divya Nilesh Damji Mota (Anniversary) | Dombivli |
| 12 | All Sthanik | Paschim Ekkam - Small Village Non Mahajan | Paschim Ekkam |
| 13 | All Sthanik | Mat. Vimlaben Shivji Lodaya | Varapadhar (Bhuj) |
| 14 | 250 | Jalgaon KDO Jain Cultural & Social Welfare League | Jalgaon |
| 15 | 40 | Shri KDO Jain Mahajan-Chennai | Chennai |
| 16 | 200 | Shri Hyderabad KDO Jain Mitra Mandal | Hyderabad |
| 17 | 100 | Chalisgaon-Shri KDO Jain Shwetambar Derasar | Chalisgaon |
| 18 | 110 | Shri KDO Jain Mahajan-Kolkata | Kolkata |
| 19 | 150 | Shri KDO Jain Mahajan-Nasik | Nasik |
| 20 | 50 | Shri KDO Jain Mahajan-Khandwa | Khandwa |
| 21 | 50 | Mat. Navalbai Somchand Munvar | Bellari |
| 22 | 50 | Hiravanti Laherchand velji manshi dharamshi | Suthri |
| 23 | 50 | Shri KDO Jain Mahajan-Vapi Hast : Khushal bhai | Vapi |
| 24 | 35 | Shri KDO Jain Mahajan-Amalner | Amalner |
| 25 | All Sthanik | Shri KDO Jain Gnati Mahajan-Ankleshwar | Ankleshwar |
| 26 | All Sthanik | Shri KDO Jain Mahajan-Parola | Parola |
| 27 | 1400 | Shri Anantnath Maharaj Jain Temple & Its Sadharan Funds | Mumbai |
| 28 | 200 | Shri Kulin Padamshi Peer (Lodaya) | Dombivli |
| 29 | 200 | Shri KDO Jain Mahajan-Jakhau- tatha Ratnatunk Jain Derasar Trust | Jakhau |
| | | | |
| | | | |
| 1 | Rs.5/- Lakhs | Shri Hans B. Khimji | Matunga |
| 2 | Rs.5/- Lakhs | Shri Bhupendra Murji Dand | Navi Mumbai |
| 3 | Rs.5/- Lakhs | Shri Tarunbhai Ratanshi Lodaya | Ujjain |
| 5 | Rs.5/- Lakhs | Shrimati Taramati Laherchand Khimji Nagda | Ghatkopar |
| 6 | Rs.5/- Lakhs | Shri Tilakchand Karamchand Vikamshi | Hubli |
| 7 | Rs.5/- Lakhs | Shri Nishith Anand Dand | Vadodara |
| 8 | Rs.5/- Lakhs | Shri Jayant Bhavanji Soni | Juhu |
| 9 | Rs.5/- Lakhs | Shri Navin Khona | Naliya |
| | | | |
| 1 | Silver Card 1 Lakh | Shri Tilokchand Narshi Dand | Malkapur |
| 2 | Silver Card 1 Lakh | Shri Chatrapati Narshi Dand | Malkapur |
| 3 | Silver Card 1 Lakh | Dr. Shri Kantilal Narshi Dand | Malkapur |
| 4 | Silver Card 1 Lakh | Shri Pravin Narshi Dand | Malkapur |
| 5 | Silver Card 1 Lakh | Shri Bharat Narshi Dand | Malkapur |
| 6 | Silver Card 1 Lakh | Matushri Kasturibai Peer | Naliya |




– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવી રોટરી ક્લબ દ્વારા બિદડા ગામે ડાયાબિટીસ જાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનાર રામ મંદિરમાં યોજાયો. મુખ્ય વક્તા ડૉ. પુલિન વસાએ આખા વિશ્વમાં ડાયાબિટીસનું પ્રમાણ કૂદકે ને ભૂસકે વધતું જાય છે. તેમાં ભારતમાં સૌથી વધારે ઝડપથી વધે છે. એક સર્વે પ્રમાણે ૨૦૨૫ની સાલમાં વિશ્વમાં સૌથી વધારે ભારતમાં ડાયાબિટીસના દર્દીઓ હશે. ડાયાબિટીસ થવાના કારણોમાં બેઠાડુ જીવન, અયોગ્ય આહાર શૈલી, મેદસ્વી પણું વિગેરે છે. તેમણે દરેકને ઓછામાં ઓછો અડધો કલાક ચાલવાની સલાહ આપી હતી.

● ઈન્ડિયન રેડક્રોસ દ્વારા આકસ્મિક સારવારની તાલીમ આપતો સેમિનાર દેસાઈ એકેડમી ભુજમાં યોજાયો જેમાં આકસ્મિક દુર્ઘટના વખતે કઈ રીતે સારવાર આપવી જોઈએ અને ઈજાગ્રસ્તોને મદદ રૂપ થવું જોઈએ તેની માહિતી અને નિર્દેશન અપાયા હતા. આકસ્મિક સંજોગોમાં જ્યારે હાથ કે પગ તૂટી જાય ત્યારે કઈ રીતે તાત્કાલિક સારવાર આપવી, પાટા બાંધવા, પ્લાસ્ટર કરવું લોહી નીકળતું હોય ત્યારે કઈ રીતે તેને અટકાવવું, હાર્ટ એટેક સમયે તાત્કાલિક સી.પી.આર. આપી દર્દીને બચાવી લેવાની માહિતી અપાઈ હતી.

● સૈકાઓ સુધી દરિયાઈ વેપાર વણજમાં ધીકતા, જાજરમાન બંદરને મરણ પથારીથી મુક્ત કરવા માંડવીનાં વહાણવટી એસોસિયેશનએ રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ પોતાની આપવીતી ઠાલવી છે. પરંપરાગત દેશી વહાણવટામાં માંડવી અને જૂના મુંદરા બંદરની સદીઓ સુધી શાન અને શાખ રહી છે. આ બંદર પર માછીમારીની નાની બોટ પણ આવ જા ન કરી શકે તેવી થઈ ગઈ છે.

● ૩૭૦ કલમ કાશ્મીરમાં નાબૂદ કરાઈ. તે બાદ પડોશી દેશે વેપારી સંબંધો કાપતાં કચ્છમાં તેની અસરો રૂપે કચ્છથી પાકિસ્તાન જતો માલ મગફળી, ધાણા, તલ, જીરૂ સહિત ચીજવસ્તુઓની નિકાસ ઠપ થઈ ગઈ છે. અફઘાનિસ્તાનથી આયત થતા માલો વાયા પાકિસ્તાન થઈને આવતા હતા તે હવે વાયા ઈરાક થઈને ભારત આવતા થશે. જેથી પડતર વધુ મોંઘી થવાથી ભાવ ઊંચકાશે એવો ભય જાણીતા વિકાસકાર વિપિન ઠક્કર તેમજ હિશલ શાહએ વ્યક્ત કર્યો હતો.

● એકસપ્લોરિંગ રાઈડર્સ ભુજ દ્વારા રાઈડ વિથ પ્રાઈડના બાઈક-બુલેટ સફરનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૩૪ જણ ૨૨ યુવક અને ૧૨ યુવતીઓ જોડાયા હતા. વડી મેડી, માતાના મઢ આશાપુરા મંદિર થઈ સિયોતની ગુફા જોવા પહોચ્યા હતા અને ત્યાંથી લખપતના ઐતિહાસિક કિલ્લો ૩૦૦ કિ.મી. બાઈક સફરમાં ૧૮થી ૭૦ વર્ષની વ્યક્તિઓ જોડાઈ હતી. આયોજકો દ્વારા રાઈડ ઓફ ઘ ડેનું ઈનામ અપાયું હતું.

● કચ્છ ભુજના રાજના રક્ષણ માટે અને લોકોની રક્ષા કાજે સંવત ૧૭૭૬ના શેખ સુમરાસરના વીર ફકીર પીર શેખ લધાશાએ ભુજના પાટવાડી નાકા પાસે શહાદત વહોરી હતી. તેમની યાદમાં શહિદ તિથિ દિને દર વર્ષે ઉર્સનો કાર્યક્રમ યોજાય છે. આ વર્ષે ૨૯૯ વર્ષનો ઉર્સ મેળો હિંદુ મુસલમાન અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

● બાળકોથી લઈને મોટેરાઓના આરોગ્ય માટે આર્શીવાદ રૂપ ગુણ ધરાવતી અને ચેપી રોગો સામે તંદુરસ્તી આપતા સરગવાનું સેવન આરોગ્યપ્રદ છે. સાંભાર, દાળ, શાક કઢીમાં તેનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે. સરગવાની લીલી શીંગ, સફેદ ફૂલ અને લીલા પાંદડા માનવ આરોગ્યની સંજીવની સમાન છે. કચ્છમાં હવે બહોળા પ્રમાણમાં તેની ખેતી રેહા, જદુરા, ખંભરા, કોટડા ચકાર જેવા વિસ્તારોમાં ખેડૂતો નવતર રૂપે કરે છે. વજન ઓછું કરવા, ઊંઘ માટે, ડાયાબિટીસ, લીવર, કિડનીમાં સોજો માથાના દર્દ સહિતની આયુર્વેદિક દવા ટોનિકમાં વિપુલ પ્રમાણમાં તેનો ઉપયોગ થાય છે.

# કેડીઓ સ્ટુડન્ટ એસોસિયેશન દ્વારા શ્રી ગુરૂગૌતમસ્વામી મહાપૂજન આયોજન

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા શ્રી કચ્છી દશા ઓસવાલ સ્ટુડન્ટ એસોસિયેશન દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બર શનિવાર દિને સવારે ૮ કલાકથી આઈરીશ બેંકવેન્ટ હોલ, જગજીવન નગર, જ્ઞાન સરિતા સ્કૂલ પાસે, રાજેન્દ્રપ્રસાદ રોડ, મુલુંડ પશ્ચિમ સ્થળે અનંત લબ્ધિ નિધાન શ્રી ગુરૂગૌતમ સ્વામી મહાપૂજનનું ભક્તિ ભર્યું આયોજન કરાયું છે. વિધિકાર ચિરાગભાઈ સંગોઈ અને સાથી કલાકારો છે. મહાપૂજનમાં ભાગ લેનાર કોરા કપડા ધારણ કરવા. પૂજા અને વિધિ યંત્ર શ્રી સંઘ દ્વારા અપાશે. મર્યાદિત ધોરણે સીટ હોવા વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવવું. નિઃશુલ્ક રજીસ્ટ્રેશન નોંધણી રખાઈ છે. જે માટે લબ્ધિ લોડાયા-૯૭૫૭૨૯૬૭૪૦ તથા ચિરાગ લોડાયા-૯૬૧૯૮૭૬૫૬૦નો સંપર્ક કરવો. મહાપૂજન બાદ લંચ- સ્વામીવાત્સલ્યની વ્યવસ્થા છે.




**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# ઘાટકોપર કન્યા છાત્રાલયની વિદ્યાર્થીઓએ તપ આરાધના કરી

શ્રીમતી લક્ષ્મીબેન વીરજી કન્યા છાત્રાલય ઘાટકોપરમાં પર્યુષણ પર્વની તપ આરાધનાઓ છાત્રાલયની વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક કરી.

**૧૬ ઉપવાસ**
ખુશ્બુ અરૂણ ડાઘા (મલકાપુર-વરાડીયા)
**૧૧ ઉપવાસ**
રૂચિ પંકજ ગોસર (ભાંડુપ-બાયઠ)
**૮ ઉપવાસ**
હસ્તી વિરેશ મોમાયા (આદિપુર-વરાડીયા)
વંશિકા ભૂપેન મોતા (ભાટાપારા-વારાપધર)
રોશની સંતોષ મોમાયા (સેંધવા-વરાડીયા)

**૮ ઉપવાસ**
ભૂમિકા રાજેશ મોતા (અંબરનાથ-નલિયા)
ચાર્મી ધનપતિ રતાણી (ચાલીસગાંવ-તેરા)
યુક્તા વિરેશ મોમાયા (આદિપુર-વરાડીયા)
યુક્તા મનોજ નાગડા (મલકાપુર)
ઉર્મિ નરેશ દંડ (મલકાપુર-લાલા)
તન્વી તેજશ લાલકા (ચોપડા-વારાપધર)

તપસ્વી વિદ્યાર્થીનીઓનું સન્માન ૧૫ સપ્ટેમ્બર રવિવારના છાત્રાલયમાં ટ્રસ્ટી હંસ બી. ખીમજી હીરાચંદભાઈ દંડ, હેમાંગ ધરમશી, શ્રીમતી હેમાબેન છેડા અને વર્કીંગ કમિટી સભ્યો અધ્યક્ષા શ્રીમતી વિમલા ગોસર, ઉપાધ્યક્ષા લીલાબેન ખોના, મૃદુલા દંડ, પ્રીતિ જૈન, નિતલ લોડાયા અને સીમા શાહ ગૃહમાતા જિજ્ઞાબેન અને વિદ્યાર્થીઓની છાત્રાઓના પરિવારજનોની ઉપસ્થિતિમાં કરાયું







# શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ-મુલુંડની સામાન્ય સભા યોજાઈ

મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૮-૯-૨૦૧૯ના મુંબઈ ખાતે પ્રમુખશ્રી મયૂર મણીકાંત ધુલ્લાના અધ્યક્ષસ્થાને મળી હતી. પ્રમુખશ્રી એ મીટીંગમાં ઉપસ્થિત તમામ સભ્યોને આવકાર્યા હતા તથા મંડળની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. મહિલા વિભાગનો અહેવાલ શ્રીમતી હંસાબેન ખોના દ્વારા ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમ તથા યોજાનારા કાર્યક્રમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

મંડળના ખજાનચી શ્રી રોપીન જયચંદ નાગડા દ્વારા ગતવર્ષના હિસાબોનું વાંચન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી મયુર મણીકાંત ધુલ્લાએ મંડળની વર્તમાન પ્રવૃત્તિ વિષે ચિતાર આપ્યો તથા ખાસ કરીને યુવાધનને મંડળના સભ્ય બનવા અને દરેક પ્રવુતિમાં હાજર રહી સાથ અને સહકાર આપવા હાકલ કરી હતી. સભાનું સંચાલન મંડળના માનદમંત્રી શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતાએ કર્યું હતું.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંડિયા

બાંડિયામાં પર્યુષણ મહાપર્વની બહુજ હર્ષઉલ્લાસ સાથે સંપુર્ણ ધર્મમય વાતાવરણમાં ઉજવણી થયેલ. સ્વપ્ન દર્શનનો કુલ્લ ચઢાવો ૯૨૦૦૦ મણ થયેલ પર્વનું ટોટલ ૧૧૦૦૦૦ મણ થયેલ. આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના આરાધક બહેનો શ્રી ચેતનાબેન મહેશ દેઢિયા (ડોણ-ડોંબિવલી) અને શ્રી ગીતાબેન ગુલાબચંદ છેડા (નાના આસંબિયા-નાસિક) એ ખુબજ સરસ રીતે ધર્મમય વાતાવરણ બનાવી આરાધના કરાવી. ધાર્મિક ગેમો સાથે જ્ઞાન આપેલ. અ.સૌ.પુષ્પાબેન નરેન્દ્ર લોડાયા અમદાવાદ એ અઠ્ઠાઈ તપ કરેલ. કલ્પસુત્ર પોથી માતુશ્રી આસબાઈ રાઘવજી હિરજી લોડાયા પરિવાર મુલુંડ અમદાવાદ વાળાએ પધરાવેલ.પ્રભુજીનું પારણુ માતુશ્રી કાંતાબાઈ દામજી કુવરજી વિક્રમશી બિલીમોરા પરિવારેને પધરાવેલ. પર્યુષણ મહાપર્વને સુંદર રીતે સાકાર કરવામા શ્રી નરેન્દ્રભાઈ લોડાયા, મહેશ મોમાયા, પીયૂષ લાલકા, કિરણ લોડાયા તથા મિત લાલકા નો મહત્વનો ફાળો હતો. બાંડિયાના બધા તળાવો બે વાર ઓગનાઈ ગયા એક તળાવમાં તો સો સવા સો કાચબા છે જે જોવા દુર દુર થી લોકો આવે છે.

# બડગરા સંઘમાં પર્યુષણ પર્વની ધર્મભક્તિથી આરાધનો થઈ

મહા મંગલકારી એવા પર્યુષણ પર્વ રૂડી રીતે ધર્મ આરાધના સાથે ઉજવાયા. વાંચન માટે મુંબઇ આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા, રંગપુર ઘાટકોપર પધારેલ.

શ્રી કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૭૧ મણમાં શા.જીવરાજ વેરશી પોલડીયા પરિવાર, પ્રભુજીનો પારણો ૪૦૧ મણમાં ચી. સાચી ધર્ય દેરાસરી શા. દીપક પ્રવિણચંદ્ર આચાર્ય પરિવાર એ લાભ લીધેલ. સ્વપ્નનો ઘૃત ૨૬૮૨૨ મણ તેમ કુલ ૩૩૫૨૯ મણ થયેલ. બારસા સુત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી હીરાવંતીભાઇ પ્રેમજી લોડાયા પરિવારે, છઠના ગંભારા ખોલવાનું લાભ શા. પુનશી ડોસાભાઇ ધરમશી પરિવારે લીધેલ. છઠના ''સામુહિક ક્ષમાપના'' બાદ શ્રી સ્વામી ભક્તિ સંઘ તરફથી થયેલ. તપસ્યામાં ૯ ઉપવાસ શ્રી વસંત શીવજી પોલડીયા અને ૮ ઉપવાસ ચી. ગૌતમ સતીષ લોડાયાએ કરેલ.

# પરબ શક્તિ સંજીવની સોસાયટીના બે આગામી પ્રોજેક્ટ

અગ્રણી કે.ડી.ઓ. મહિલા તથા સમાજ કલ્યાણ સંસ્થા, પરબ શક્તિ સંજીવની સોસાયટી, ગયા વર્ષના તેના દિવાળી પ્રકલ્પને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ બાદ; આ વર્ષે ફરી, મહિલા સાહસિકો દ્વારા ઉત્પાદિત ઉમદા, વૈવિધ્યપૂર્ણ વ્યંજનોને એકઠાં કરી, એક સુંદર ઉપહારના રૂપમાં વેંચાણ માટે મૂકશે. વેચાણની આવકનો ઉપયોગ સત્કાર્ય માટે કરવાની પરબની નેમ છે.

દિવાળી બાદ, તા. ૧૬ નવેમ્બરના દિને, મુલુંડ મધ્યે પરબ એક ખૂબજ અવનવો, રસ ભરપૂર કાર્યક્રમ રજૂ કરશે. સહુને સૂચવવાનું કે આ બાબતની નોંધ લઈ, આપ્તજનો સાથે આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે, આ દિવસ ખાસ ફાળવી રાખે. જે માટેની વધુ વિગતો પરબ દ્વારા હવે પછીના અંકોમાં આપવામાં આવશે.

# શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં પર્યુષણ પર્વની ભવ્ય આરાધનાઓ થઈ

કાંજુરમાર્ગ અનંતનાથજી કૉમ્પલેક્ષમાં શ્રી વિમલનાથ દાદાના દેરાસરમાં સંઘ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી કરવામાં આવેલ. દરરોજ સવારના રાઇ પ્રતિક્રમણ, ભક્તામર, વ્યાખ્યાન તથા રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના કરાવવામાં આવેલ. દરરોજ પ્રભુજીની સરસ આંગી બનાવવામાં આવતી હતી.

પર્યુષણ પર્વમાં આરાધના કરાવવા આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી આરાધકબેન ભાગ્યલક્ષ્મીબેન નીતિન નાગડા (જખૌ-ડોંબિવલી) પધારેલ. એમણે દરરોજ વ્યાખ્યાન આપેલ તથા પ્રશ્ન-ઉત્તર કરી સમજાવ્યું હતું. કલ્પસૂત્ર તથા બારસાસુત્ર પણ સમજાવીને વાંચન કર્યું હતું. પર્યુષણ પર્વમાં કલ્પસુત્ર પધરાવવાનું લાભ માતુશ્રી માનબાઇ હિરાચંદ નાગડા પરિવાર, કલ્પસુત્ર વહોરવવાનું લાભ શ્રી કલ્યાણજી માણેકજી લોડાયા પરિવારે, પાળણા ઝુલાવવાનું લાભ માતુશ્રી પુષ્પાબાઇ દામજી લોડાયા પરિવારે અને પધરવવાનું લાભ માતુશ્રી મીઠીબાઇ સોમચંદ દંડ પરિવારે લીધેલ. બીજના દિવસે પાંજીવાડી હૉલમાં સ્વપ્ન મહોત્સવ ઉજવવામાં આવેલ. સ્વપ્નાનું ઘી ૧૦૩૭૨૮ મણ થયેલ. સ્વપ્ન મહોત્સવમાં ટ્રસ્ટી શ્રી લીરેન વર્ધમાન ખોના, ટ્રસ્ટીશ્રી કમલેશ સોની તથા ટ્રસ્ટી શ્રી ચીમનભાઇ મૈશેરીએ હાજરી આપેલ.

કાંજુરમાર્ગ સંઘ દ્વારા તા. ૦૮-૦૯-૨૦૧૯ સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ટ્રસ્ટી શ્રી કલ્પેશભાઇ મોતા તથા ટ્રસ્ટી શ્રી બિપિનભાઇ નાગડા હાજરી આપેલ. પર્યુષણ પર્વના કાર્યક્રમને ચાર ચાંદ લાગવવામાં કમિટી મેમ્બરો તથા કાર્યકર્તાઓએ ખૂબજ મહેનત કરેલ.

# સાંધવ નગરે પર્યુષણ મહાપર્વ પ્રસંગે ધર્મ આરાધનાઓ થઈ

તા. ૫/૯/૨૦૧૯ના સાંધવ નગરે પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વની આરાધના કરનાર આરાધકો તેમજ ચાતુર્માસમાં આરાધના કરનાર આરાધકોને પંચતીર્થી કરાવવાનો સંપૂર્ણ લાભ દિનેશ રામજી લોડાયા સાંધવ મુલુંડ પરિવારે લીધેલ.

કોઠારા દેવદર્શન કરી પૂ.સાધ્વીજી મ.સા.ને વંદન કરી નરેડી પૂ.આ.ભ. કલાપ્રભસાગસૂરિશ્વર મ.સા.ને વંદન કરી, કોટડી ગામે પૂ. સાધ્વીજી અનંતગુણાશ્રીજી મ.સા.ને વંદન કરી, નાના રતાડીયા ગામે પૂ. અચલગચ્છાધીપતી આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને વંદન કરી, શેરડી ગામે પૂ.સાધ્વીજી વસંતપ્રભાશ્રીજી મ.સા. ને વંદન કરી, ભુજ કોવઈ નગર પૂ.સાધ્વીજી આનંદ કિરણાશ્રીજી મ.સા.ને વંદન કરી ભુજ સ્ટેશન પહોંચ્યા.

સર્વ તીર્થોમાં શ્રી સંઘનું વાજતે ગાજતે સામૈયું અને સંઘપુજન થયેલ. તથા સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ. કલ્પસુત્ર (પોથી) ઘરે પધરાવવાનો લાભ શ્રી માલશી પત્રામલ લોડાયા, લાલજી સામજી પટેલ તથા વિશનજી પત્રામલ લોડાયાની દિકરીઓ, પૌત્રીઓ. શ્રી મહાવીર પ્રભુનું પારણુ પધરાવવાનું લાભ શ્રી ખુશાલ લાલજી પટેલ સાંધવ, ડોબિવલી ૩૧૩૧ મણમાં લાભ લીધેલ. નાની મોટી તપસ્યાઓની સંખ્યા સારી છે. રોજના અંદાજે ૪૦ થી ૪૫ એકાસણા તથા ૧૦ થી ૧૫ આંયબિલ થયા.

# ૯૯ યાત્રાની પૂર્ણાહુતિ નિમિતે સાંજી યોજાઈ

મોટી સિંધોડી/તેરાના હાલે મુલુંડના ચી. સિદ્ધાર્થ વિક્રમ મોતાએ દસમા ધોરણની પરીક્ષા આપી શાશ્વત તીર્થ શત્રુંજયની આનુસંગીક વિધિ વિધાન, તપ-જપ સહ ૯૯ યાત્રા સુખરૂપે પરિપૂર્ણ કરી તેની અનુમોદના અર્થે શ્રી સુમતિનાથ જિનાલય મધે પરિવાર તરફથી ભવ્ય સાંજી પ્રસંગે ગીતોના રસથાળ વીર શાંતિ જીન મહિલા મંડળે રજૂ કર્યો. શ્રી સુમતિનાથ જિનાલયના ટ્રસ્ટી શ્રી વીરચંદ ચાંપશી ધરમશી, મુલુંડના શ્રી સોમચંદ લોડાયા, મોટી સિંધોડી મહાજનના પદાધિકારીઓ શ્રી મુકેશ ભવાનજી લોડાયા, પ્રમુખ હર્ષાબેન, ભરતભાઈ લોડાયા, ટ્રસ્ટીઓ તિલકચંદભાઈ અને ચીમનલાલ લોડાયા, વડાલા દેરાસરના ટ્રસ્ટી સુશીલાબેન ધરમશી, તેરાના શ્રી કુમાર બાબુભાઈ દંડની હાજરી રહી.

# શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુરમાં પર્યુષણ મહાપર્વની ભવ્ય તપ આરાધનાઓ થઈ

રાયપુર મધ્યે મુલનાયક શ્રી કુંથુનાથ દાદાની છત્રછાયા તળે પૂ. ગુરૂવર્યા શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પૂ. સાધ્વી શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી સંઘમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજમણી ખુબજ ઉલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં થયેલ. પોથીજી વહોરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ ખેતસી જીવાણી (જખૌ-રાયપુર) પરિવારે હસ્તે મંજુલાબાઇ કુલીનકાંત જીવાણીએ લીધેલ. શ્રી બારસાસુત્ર વહોરાવવાનો લાભ શ્રી નિશ્ચય હરીશભાઇ ખોના (ઘાટકોપર-મુંબઇ) લીધેલ. પ્રભુજીનો પારણિયો પધરામણીનો લાભ માતુશ્રી મુરબાઇ જવેરચંદ વેલજીલોડાયા (સાંયરા-રાયપુર) પરિવારે લીધેલ. મહાવીર જન્મવાંચન અને પર્વ દરમ્યાન કુલ ઘૃતબોલીઓ લગભગ ૨,૧૫,૦૦૦ મણ થયેલ. પર્વના આઠ દિવસો સવારે કચ્છી ઢોલ અને શરણાઇના સુમધુર સંગીતે મુલનાયક પ્રભુજી સાથે બીજા તીર્થંકર પરમાત્માઓનું પ્રક્ષાલથી દિવસની શરૂઆત થતી. પુજા, જિનવાણી શ્રવણ, ભવ્ય આગમદરબારમાં જિન આગમની પુજા, આરતી, બપોરે ગામની વહુ-દીક રીઓ દ્વારા પરમાત્માની મનમોહનીય અંગરચનાઓં સાંજે સામુહિક પ્રતિક્રમણ, સુંદર સુરીલી ભક્તિની રમઝટ અને મંગલ આરતી થી થઇ. અંતે સામુહિક ક્ષમાપનાના દિવસે સર્વે એકબીજા ને ખમાવ્યા.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ચૈતન્યપુરીમાં ચારગતી અનુષ્ઠાન થયા

શ્રી વાસુપૂજ્ય સ્વામી મદિરમાં શ્રી શંખેશ્વર પારસનાથ ચારગતી અનુષ્ઠાન માતુશ્રી નરશી લોડાયા જાગીરદાર પરિવાર દ્વારા તા. ૧૩-૯-૨૦૧૯ના સંપન્ન થયું. આ પ્રસંગે શ્રી અચલગચ્છ જૈન સંઘ ચૈતન્યપુરીના અધ્યક્ષ કેશવજીભાઇ છેડા, શ્રી કચ્છી મિત્ર મંડળના ટ્રસ્ટી પ્રદીપ સંઘવી, શ્રી શાંતિનાથ જિનેશ્વરધામના રતિલાલ છેડા, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના અધ્યક્ષ ધનપત મોતા, રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશનના ઉપાધ્યક્ષ પારસ જાગીરદાર, કોષાધ્યાક્ષ ધારીણી જાગીરદાર, શ્રી કચ્છી જૈન સેવા સંઘના અધ્યક્ષ વિજય જાગીરદાર, જૈન માઇનોરિટી કાઉન્સીલના પંકજ સાવલા, શ્રી વાસુપૂજ્ય સ્વામી હંસ મંદિરના રવિ મુણોત, જિનેન્દ્ર બાફના, જયા જાગીરદાર, અલકા ચૌધરી, ગીતા શાહ, રશ્મી લોડાયા આદિ ઉપસ્થિત હતા.

# શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, દલતુંગીમાં પર્યુષણ મહાપર્વ પ્રસંગ ભક્તિ આરાધનાઓ થઈ

દલતુંગી ગામે ખૂબજ ધામધુમથી પર્યુષણ મહાપર્વની ઉજવણી થયેલ. રોજ ભક્તામર, લક્કી ડ્રો, પ્રભાવના, પ્રતિક્રમણ, રાત્રી ભાવના વગેરે કરવામાં આવતા. પોથી તથા પારણાનો લાભ શ્રી રાયચંદ લાલજી લોડાયા પરિવારે લીધેલ. દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી સોનબાઇ દામજી માલદે પરિવારે લીધેલ.

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની આરાધક બહેનો લીલાવંતીબેન ઝવેરીલાલ વીરા (નાંગલપુર-મુલુંડ) અને વિજયાબેન નવીનચંદ્ર નાગડા (ગોધરા-પરેલ) ધર્મ આરાધનાઓ કરાવી હતી.

# શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

ખંડવા સંઘમાં પર્યુષણ પર્વ ધામધૂમથી ઉજવવામાં આવ્યું. કલ્પસૂત્ર ગાર્વિક કરણ નાગડા અને પારણાજી પધરાવાનું લાભ સૌ. રોશની દીપાન્શુ નાગડા પરિવારે લીધું. આરાધના કરાવવા માટે આર્યરક્ષિત વિદ્યાપીઠ, મુંબઈ તરફથી પુષ્પાબેન હરખચંદ નાગડા (ગોધરા-ડોંબિવલી) અને લીલાવંતીબેન ખેંતશી ગડા (સણોસરા-વિક્રોલી) પધારેલ. ચૈત્યપરિપાટી માટે ક.દ.ઓ. સંઘના ૪૫ સભ્યો બુરહાનપુર તીર્થ ગયેલ. ત્યાં પરમાત્માની ભક્તિ, સેવા પૂજા અને ચાતુર્માસમાં વિરાજીત પૂ. સા. કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આ. ઠા. ૩ ને વંદન કરેલ. ચૈત્યપરિપાટીનું સંપૂર્ણ લાભ હિરેન વીશનજી ગોસર પરિવારે લીધું.

# કોઠારામાં ઘેર ઘેર જઈ ક્ષમાપના મંગાઈ



શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા આજે પણ વર્ષો પુરાણી પરંપરા જાળવી રાખવામાં આવી છે. પર્યુષણ મહાપર્વ પૂરા થતાં છઠ્ઠનાં દિવસે મંડળનાં કાર્યકરો ઢોલ-શરણાઈથી વાજતે-ગાજતે મિચ્છામિદુક્કડમ્ કરવા ઘરો ઘર જઈ પહોંચ્યા હતા. વેર-ઝેરની ભાવના ત્યજી સમાજના દરેક પરિવારોનાં ઘરે જઈ ક્ષમાયાચના પાઠવી હતી. વેરનું વિસર્જન કરી પ્રેમનું સર્જન કરવાનાં ભાવ વ્યક્ત કરાયા હતા.

રાયચંદ લોડાયા, વિરચંદ ધરમશી, દિનેશ અજાણી, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, મયુર નાગડા, પ્રદિપ મુનવર, રમણિક શાહનંદ, દિલીપ લોડાયા, ગુલાબ મોતા, વર્ધમાન લોડાયા, દેવેન્દ્ર જીવાણી તથા સર્વે કાર્યકરો અને ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# કે.ડી.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ બાગલકોટમાં પર્યુષણની ધર્મ તપ ભાવનાઓ થઈ

શ્રી વિમલનાથ દેરાસર, બાગલકોટમાં પર્યુષણ પર્વની ઉજવણી આનંદ થી થઇ. કલ્પસુત્ર તેમજ ધર્મઆરાધના કરાવવા માટે મુંબઇથી ડોંબિવલી સૌ. પ્રફુલ્લાબેન નેમચંદ દેઢીયા (તલવાણ) અને સાકરબેન લક્ષ્મીચંદ વિકમાણી (કોટડા રોહા-ડોંબિવલી) પધાર્યા હતા. આરાધના બહુ સારી રીતે થયેલ. કલ્પસુત્ર પધરાવવાનો લાભ માતુશ્રી ચંદનબાઇ ચીમનલાલ સોની તથા પારણું પધરાવવાનો લાભ સૌ. ખુશાલી તુષાર (જલગામ)એ લીધો હતો. શ્રી ગુલાબભાઇ સોનીએ અઠ્ઠમ તપની તપસ્યા કરી તથા જિનાલયના દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ લીધેલ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ક.દ.ઓ જૈન સમાજ દ્વારા તપસ્વીઓનું બહુમાન કાર્યક્રમ યોજાયો





શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ભુજ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના, સમૂહ ક્ષમાપના, તપસ્વીઓનું બહુમાન કાર્યક્રમ માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર, જયાબેન પ્રબોધ મુનવર પરિવારના સહયોગથી યોજાયો હતો.

મહાકાળી માતાજીની ભાવનામાં દિલીપ મોતા, હેમંત છેડા, વિનય હેફા, જયાબેન મુનવર, કલ્યાણજીભાઈ ડાઘાએ રમઝટ જમાવી હતી. અનીલ શાહ, મનીષ ધરમશી, હેમંત મોમાયા તથા બાળ કલાકારો કનિષ્ઠ શાહ તથા ધ્યાન મુનવરે ઢોલ સાથે સંગીતરસ પૂરો પાડ્યો હતો. બહેનોએ રાસની રમઝટ જમાવી હતી.





સમૂહ ક્ષમાપના કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સમાજવાસીઓએ એકબીજાને મિચ્છામિદુક્કડમ્ કહી ક્ષમાયાચી હતી. પર્યુષણ મહાપર્વ દરમ્યાન વિવિધ તપઆરાધના કરનાર સમાજના તપસ્વીઓનું બહુમાન પ્રીતિબેન મોમાયા, અન ીલાબેન વિકમશી, પ્રફુલ્લાબેન લોડાયા, જયાબેન મુનવર, દમયંતિબેન મોતા, જયશ્રીબેન જીવાણી, ચંદનબેન મોમાયા, દિમીબેન મોતા, ડીમ્પલ ધરમશી, અમિતા જૈન, કાંતાબેન મુનવર તથા સમાજના આગેવાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. કવિતાબેન ધુલ્લાના માસક્ષમણતપની તથા બાળ તપસ્વી તનિષ્ક જૈન તથા નીલ સાયલાના તપની પણ અનુમોદના કરવામાં આવેલ.

નિલેશ મોમાયા, અભય ધરમશીએ પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. ગંભીર બીમારીમાંથી સ્વસ્થ બનેલા સમાજના યુવાન લલિત કે. ડાઘાનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દિલીપ મોતાએ કરેલ.

કાર્યક્રમને સફળ બનાવવા તુષાર જૈન, હરીશ લોડાયા, બિપિન દંડ, મહેન્દ્ર લોડાયા, હેમંત જીવાણી, પારસ ડાઘા, કુલીન મુનવર, મુકુંદ લોડાયા, નયન મૈશેરી, જય લાપસીયા તથા સર્વે ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જૈન માઈનોરીટીનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓને સૂચના

Details We Received by Aakshay Vikamshi Khamgaon, Minority committee , For Advertise so that more students can take benefits,

Please go through matter and if any more details needed let me know.

Jain minority students are requested to take benefits of Indian government scholarship schemes

**Documents required for online application**

1) Students Aadhar Card.

2) Authentic Income proof by tehsildaar

3) total school / college fee- structure or fee receipts of Current year.

4) Bank pass-Book in name of student

5) Last exam pass Marksheet **not less than50% marks.**

6) For Post Matric ,10th,12th marksheets along with Last exam pass Marksheet **not less than 50% marks.**

7) All academic marksheets and Degree/Diploma.

8) date of start of school/college this year

नोट:

*विद्यार्थी का खुद का बैंक अकाउंट अनिवार्य है

*परिवारिक आय सीमा

*कक्षा १ से १० * १लाख से कम।

अंतिम तिथि-१५ ऑक्टोबर

*कक्षा ११ एवम डिग्री कोर्स (पोस्ट मेट्रिक) * २. लाख से कम।

*प्रोफेसनल एवं टेक्निकल कोर्स (मेरिट कम मीन्स)-* २.५० लाख

अंतिम तिथि-३१ऑक्टोबर

Send email of all on akshay.vikamshi@gmail.com

we are filling the forms of all eligible kdo students on website www.scholarships.gov.in the kdo community for whole India KDOs.

last year kdo students got 30,000/- each in engineering through our efforts

# જીવન ઘટમાળ

## • જન્મ નોંધ •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૫-૨૦૧૯ | મુલુંડ | ભુવિન, ભાવના નિકુંજ ખોના | રંગપુર | પુત્ર |
| ૨૯-૦૯-૨૦૧૯ | ડોંબિવલી | હિધન હેમાંગી ચિંતન શિઆલ | દલતુંગી | પુત્ર |

## • જ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૯-૨૦૧૯ | મુલુંડ | અક્ષય મહેશ દામજી મૈશેરી | રાપર ગઢવારી | ૨૪ |
| | મુલુંડ | હેતા પંકજ જવેરચંદ ધરમશી | કોઠારા | ૨૪ |

## • આંતરજ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૯-૨૦૧૯ | મુલુંડ | અમન ધીરેન ખીમજી ગાડા | સભરાઈ | ૨૮ |
| | મુલુંડ | સ્તુતિ મનોજ કુંવરજી દંડ | સેવક ભરૂડિયા | ૨૮ |

## • મરણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૯-૨૦૧૯ | મુલુંડ | જયાબેન રતીલાલ મૈશેરી | માંડવી | ૮૨ |
| ૧૮-૦૯-૨૦૧૯ | ઈંદોર | ધનલક્ષ્મી ખીમજી મોમાયા | રણપુર | ૮૦ |
| ૧૯-૦૯-૨૦૧૯ | ખંડવા | અનીલ ધનજી સાયલા | લુણી | ૫૮ |
| ૨૦-૦૯-૨૦૧૯ | કલવા | કિશોર વેરશી ધુલ્લા | ભરૂડીયા | ૭૨ |




KDO દિવ્યાંગ

KDO

# અંતરપૂર્વક આમંત્રણ

શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન દિવ્યાંગ સમિતિ
આપ મહાનુભાવને
સર્વપ્રથમ
કે.ડી.ઓ. દિવ્યાંગ આનંદ-મિલનમાં પધારવા સહર્ષ આમંત્રણ આપે છે.

**તારીખ:** ૨૮/૦૯/૨૦૧૯
**રજીસ્ટ્રેશન:** બપોરે ૩.૦૦ થી ૩.૩૦ કલાકે

અને ત્યાર બાદ મનોરંજન, કળાપ્રદર્શન તથા માહિતીની ત્રિવેણીરૂપ,
આનંદવિભોર કરનારા આયોજનો અને આકર્ષક ઈનામો

**સ્થળ:**
માતુશ્રી વેલબાઈ સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર
લખમશી નપુ હોલ સંકુલ, ચંદાવરકર રોડ,
માટુંગા - પૂર્વ, સ્ટેશન નજીક, મુંબઈ- ૪૦૦૦૧૯

**આકર્ષક ઈનામો**

સાથે હાઇ-ટી અને સ્વરૂચિ ભોજન
(ચૌવિહાર વ્યવસ્થા પણ હશે જ)

**મનમોહક મનોરંજન**




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO